# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૬ તા.૧૬-૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ધો.૧ અને ૨ ના શિક્ષકોની પ્રજ્ઞા શિક્ષક તાલીમ બાબત.**

આથી તમામ મ્યુનિસિપલ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાતી માધ્યમની તમામ મ્યુનિ. શાળાઓમાં ધો.૧,૨માં હાલ પ્રજ્ઞા અભિગમ કાર્યરત છે. ધો.૧,૨ના પ્રજ્ઞા શિક્ષકોને તા.૨૧ થી ૨૪ જાન્યુઆરી,૨૦૧૯ દરમ્યાન બે ફેઝમાં તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. તો આ તાલીમમાં ફેઝ-૧માં શાળાના ધો.૧,૨ના શિક્ષકોમાંથી ૫૦% શિક્ષકોએ તા.૨૧-૧-૧૯ થી તા.૨૨-૧-૧૯ દરમ્યાન તાલીમ મેળવવાની રહેશે. બાકી રહેલ ધો.૧,૨ના ૫૦% શિક્ષકોએ ફેઝ-૨માં તા.૨૩-૧-૧૯ થી તા.૨૪-૧-૧૯ દરમ્યાન તાલીમ મેળવવાની રહેશે. આમ શાળાના ધો.૧,૨ના તમામ શિક્ષકોએ યુ.આર.સી. ઝોન પ્રમાણેના નીચે જણાવેલ સ્થળોએ ફરજિયાત તાલીમ મેળવવાની રહેશે. કોઈપણ શિક્ષક આ તાલીમથી વંચિત ન રહે તે જોવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.

આ તાલીમ બાદ તરત જ ધો.૨ના બાળકોનું મુલ્યાંકન થવાનું છે. મુલ્યાંકન બાદ ફેબ્રુઆરીથી એપ્રિલ-૧૯ દરમ્યાન સઘન ઉપચારાત્મક કાર્ય કરવાનું છે. આપણું લક્ષ્ય એ છે કે આગામી વર્ષે ધો.૩માં દાખલ થતાં દરેક વિદ્યાર્થીઓ ધો.૨ની અપેક્ષિત અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરે. આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે જરૂરી છે કે આગામી ૩ માસ દરમ્યાન પ્રજ્ઞા અભિગમ મુજબ દરેક વર્ગમાં શિક્ષણકાર્ય થાય. આ તાલીમમાં વર્ગ સંચાલક તરીકે યુ.આર.સી. કો.ઓર્ડિનેટરે ફરજ બજાવવાની રહેશે.

| યુ.આર.સી. ઝોન | તાલીમ | તબક્કો (ફેઝ-૧) | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ઉત્તર | તા.૨૧-૧-૧૯ થી તા.૨૨-૧-૧૯ | ફેઝ-૧ | એસ.આર.પી. શા.નં.૨ | ૧૦-૩૦ થી ૫-૦૦ |
| ઉત્તર | તા.૨૩-૧-૧૯ થી ૨૪-૧-૧૯ | ફેઝ-૨ | અસારવા શા.નં.૯ | |
| દક્ષિણ | તા.૨૧-૧-૧૯ થી તા.૨૨-૧-૧૯ | ફેઝ-૧ | કુ.હિના વોરા પ્રા. શાળા | |
| દક્ષિણ | તા.૨૩-૧-૧૯ થી ૨૪-૧-૧૯ | ફેઝ-૨ | બહેરામપુરા શા.નં.૨ | |
| પૂર્વ | તા.૨૧-૧-૧૯ થી તા.૨૨-૧-૧૯ | ફેઝ-૧ | બાપુનગર શા.નં.૩ | |
| પૂર્વ | તા.૨૩-૧-૧૯ થી ૨૪-૧-૧૯ | ફેઝ-૨ | ઓઢવ શા.નં.૩ | |
| પશ્ચિમ | તા.૨૧-૧-૧૯ થી તા.૨૨-૧-૧૯ | ફેઝ-૧ | કેશવનગર શા.નં.૧ | |
| પશ્ચિમ | તા.૨૩-૧-૧૯ થી ૨૪-૧-૧૯ | ફેઝ-૨ | નારણપુરા શા.નં.૬ | |

તા.૧૬-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી